## મે. સુરતના ૫માં અધીક સિવીલ જજ અને જે.એમ.એફ.સી સાહેબશ્રીની કોર્ટમાં

**ફોજદારી કેસ નંબર ૭૩૦૭૬ સને ૨૦૨૩**
**આંક –**

ફરીયાદીઃ – શ્રી સરકાર
વિરુદધ
આરોપીઃ – ગણેશ હરીહર શાહ

ગુનોઃ – ઇ.પી.કો. કલમ ૨૮૩ મુજબ

**// ચુકાદો //**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવ સ્થળે અને સમયે, પોતાના કૃત્યથી જાહેર સ્થળે અડચણ ઉભી કરી ઇ.પી.કો. ની કલમ – ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે.
2. આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યાર બાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીની પ્લી લઇ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ કરેલી કબુલાત એ કોઇના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઇ કારણ જણાતું નથી. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરુ છુ.

**// હુકમ //**

1. આ કામના આરોપી ને ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૫૨ હેઠળ ઇ.પી.કો. ની કલમ – ૨૮૩ મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી ને રૂ. ૧૦૦/– (અંકે રુપીયા સો પુરા)નો દંડ, જો દંડ ના ભરે તો દિન – ૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
2. મુદ્દામાલ અંગે વચગાળાનો હુકમ કાયમી રાખવામાં આવે છે અને જો વચગાળાનો હુકમ ન થયો હોય તો મુદ્દામાલની માલીકીની ખરાઈ કરી પરત સોપવો

હુકમ આજ રોજ રાષ્ટ્રીય લોક અદાલતના દીવસે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા. ૦૯/૦૯/૨૦૨૩**
**સુરત.**

**(કે.એ.મારવાહા)**
**પાંચમાં અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સુરત**
**કોડ નં.જીજે–૦૧૫૫૮**